www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Thursday

15.10.2020

*Volume :5 * Issue No. 59

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)



કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી FAOની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે રૂપિયા ૭૫ના ચલણી સિક્કાનું વિમોચન કરશે

## પ્રધાનમંત્રી તાજેતરમાં જૈવિક સુધારા સાથે તૈયાર કરવામાં આવેલી ૮ પાકોની ૧૭ પ્રજાતિઓ રાષ્ટ્રને સમર્પિત કરશે




કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૬ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO)ની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે FAO સાથે ભારતના ચિરકાલિન સંબંધોના સન્માનમાં રૂપિયા ૭૫ના ચલણી સિક્કાનું વિમોચન કરશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે તાજેતરમાં જૈવિક સુધારા સાથે તૈયાર કરવામાં આવેલી ૮ પાકોની વિવિધ ૧૭ પ્રજાતિઓ પણ રાષ્ટ્રને સમર્પિત કરશે. આ કાર્યક્રમના પગલે સરકાર દ્વારા કૃષિ અને પોષણને આપવામાં આવતી સર્વાધિક પ્રાથમિકતા સ્પષ્ટ થાય છે અને દેશમાં ભૂખ, કુપોષણ તેમજ અલ્પપોષણની સમસ્યાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની સરકારની પ્રતિબદ્ધતાનો આ પુરાવો છે. આ પ્રસંગે દેશભરમાંથી આંગણવાડી, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, જૈવિક અને બાગાયત મિશનો પણ ભાગ લેશે. કેન્દ્રીય કૃષિ મંત્રી, નાણાં મંત્રી અને WCD મંત્રી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. અન્ય ખાદ્ય ઘટકોની સાથે મળીને આ તમામ જાતો, સામાન્ય ભારતીય થાળીને પોષક થાળીમાં રૂપાંતરિત કરશે. આ પ્રજાતિઓ સ્થાનિક જાતો અને ખેડૂતોની વૈવિધ્યતાઓનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવી છે. ઊંચા પ્રમાણમાં ઝીંક ધરાવતા ચોખા આસામમાં ગારો પર્વતીય પ્રદેશોમાંથી એકત્ર કરવામાં આવેલી સ્થાનિક જાતોમાંથી તૈયાર કરવામાં આવ્યા છે જ્યારે ગુજરાતના ડાંગ જિલ્લામાંથી બિયારણ એકત્ર કરીને લાલ જુવારની જાત વિકસાવવામાં આવી છે. પોષણ સંબંધિત સુરક્ષામાં વૃદ્ધિ કરવા અને ચોક્કસ સ્થાન આધારિત પોષણ બાગના મોડેલ તૈયાર કરવા માટે કૃષિને પોષણ સાથે જોડતી પારિવારિક કૃષિ અને પોષણ સ્માર્ટ ગામડાંઓનો પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી ICAR દ્વારા પોષણ સંવેદનશીલ કૃષિ સંસાધનો અને નવાચાર (NARI) કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, પૂરતા પ્રમાણમાં મેક્રો અને માઈક્રો ન્યૂટ્રીશન સાથે આરોગ્યપ્રદ અને વિવિધતાપૂર્ણ ભોજન સ્થાનિક સ્તરે ઉપલબ્ધ થઈ શકે તે માટે દ્વફદ્ધ દ્વારા પોષણ બાગના મોડેલનો વિકાસ કરીને તેને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. કુદરતી રીતે પોષક ઘટકોથી સમૃદ્ધ ભોજન દ્વારા કુપોષણની સમસ્યા નાબૂદ કરવા માટે અને ભારતને કુપોષણ મુક્ત બનાવવા માટે જૈવિક સુધારા સાથે તૈયાર કરવામાં આવેલી પાકની પ્રજાતિઓના ઉત્પાદનને વધારવામાં આવશે અને તેને મધ્યાહન ભોજન, આંગણવાડી વગેરે સરકારી કાર્યક્રમો સાથે સાંકળવામાં આવશે. આનાથી ખેડૂતોની કમાણીમાં પણ વધારો થશે અને ઉદ્યમશીલતા વિકાસ માટે નવા દ્વાર ખુલશે.

### ભારત અને FAO

નિઃસહાય વર્ગો અને વિશાળ જનસમુદાયને આર્થિક અને પોષણની દ્રષ્ટિએ સશક્ત બનાવવાની FAOની સફર અજોડ છે. FAO સાથે ભારત ઐતિહાસિક જોડાણ ધરાવે છે. ભારતીય જાહેર સેવા અધિકારી ડૉ. બિનય રંજન સેને ૧૯૫૬-૧૯૬૭ દરમિયાન FAOના મહા નિદેશક તરીકે સેવા આપી હતી. ૨૦૨૦માં નોબેલ શાંતિ પુરસ્કાર મેળવનાર વિશ્વ અન્ન કાર્યક્રમની સ્થાપના આ સમયમાં જ કરવામાં આવી હતી. ૨૦૧૬ને કઠોળનું આંતરરાષ્ટ્રીય વર્ષ અને ૨૦૨૩ને બાજરીનું આંતરરાષ્ટ્રીય વર્ષ જાહેર કરવાની ભારતની દરખાસ્તને FAO દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો છે.

### કુપોષણને નાબૂદ કરવું

ભારતે ૧૦૦ મિલિયન લોકોને લક્ષ્યમાં રાખીને પોષણ અભિયાનનો પ્રારંભ કર્યો છે જેનો મૂળ ઉદ્દેશ લોકોમાં કુંઠિતા, કુપોષણ, એનેમિયા અને ઓછો જન્મદર ઘટાડવાનો છે. કુપોષણ એ વૈશ્વિક સમસ્યા છે અને લગભગ એક અબજથી વધારે લોકો પોષણના અભાવથી પીડાઈ રહ્યાં છે. બાળકોમાં થતા લગભગ ૪૫% મૃત્યુ કુપોષણ સાથે જોડાયેલા હોય છે. યોગ્ય રીતે જ, સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા ૧૭ ટકાઉક્ષમ વિકાસના લક્ષ્યોમાંથી એક આ પણ છે. આંતરરાષ્ટ્રીય પ્રાથમિકતાને અનુરૂપ, લોહતત્વ, ઝીંક, કેલ્શિયમ, કુલ પ્રોટીન, લાઈસિન અને ટ્રાઈપ્ટોફેન સાથે પ્રોટીનની ગુણવત્તા, એન્થોસાયનીન, પ્રોવિટામીન છ અને ઓલેઈક એસિડ, અને પોષણ વિરોધી પરિબળોના ઘટાડેલા સ્તર વગેરે સાથે ભરપૂર પોષકતત્વો ધરાવતા પાકની પ્રજાતિઓના વિકાસને સરકાર દ્વારા સર્વાધિક પ્રાથમિકતા આપવામાં આવી છે. ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR)ના નેતૃત્ત્વમાં રાષ્ટ્રીય કૃષિ સંશોધન તંત્ર દ્વારા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન આવી ૫૩ પ્રજાતિઓનો વિકાસ કરવામાં આવ્યો છે. ૨૦૧૪ પહેલાંના સમયમાં માત્ર એક જ જૈવિક રીતે સુધારા કરેલ પાકની પ્રજાતિ ઉપલબ્ધ હતી.

### ભારતીય થાળી પોષક થાળીમાં રૂપાંતરિત થશે

તાજેતરમાં જૈવિક સુધારા સાથે તૈયાર કરવામાં આવેલી ૮ પાકોની ૧૭ પ્રજાતિઓ પ્રધાનમંત્રી દ્વારા રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે જેમાં ૩.૦ ગણા સુધી પોષણ મૂલ્યો સમાવિષ્ટ હશે. CR ધન ૩૧૫ નામની ચોખાની જાતમાં ઝીંક વિપુલ પ્રમાણમાં છે; HI 1633 નામની ઘઉંની જાતમાં ભરપૂર પ્રોટીન, લોહતત્વ અને ઝીંક છે; ઘઉંની HD 3298 જાતમાં વિપુલ માત્રામાં પ્રોટીન અને લોહતત્વ છે જ્યારે DBW 303 અને DDW 48 જાતમાં પ્રોટીનનું પ્રમાણ ઘણું વધારે છે; લાઢોવાલ ગુણવત્તા પ્રોટીન મકાઈ સંકરજાત ૧, ૨ અને ૩માં લિસાઈન અને ટ્રાઈપ્ટોફેન વિપુલ પ્રમાણમાં છે; લાલ જુવાર CFMV1 અને સંકરજાત -૨માં કેલ્શિયમ, લોહતત્વ અને ઝીંકનું પ્રમાણ ભરપૂર માત્રામાં છે; જુવારની CLMV1 જાતમાં લોહતત્વ અને ઝીંક સારા પ્રમાણમાં છે; પુસા મસ્ટર્ડ ૩૨ જાતમાં યુરિક એસિડનું પ્રમાણ ઓછુ હોય છે; મગફળીની ગિરનાર ૪ અને ૫ સંકરજાતમાં ઓલેઈક એસિડ વધુ હોય છે અને યામ જાત શ્રી નીલિમા અને DA 340માં ઝીંક, લોકતત્વ અને એન્થોસાયનીન ઘટકનું પ્રમાણ વધારે હોય છે.

જોઈએ છે

કમલમ દૈનિક

રાજકોટ માટે બ્યુરો ઓફીસ ફાળવવાની છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર

ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એક માત્ર કમલમ દૈનિક તેમજ કમલમ મેગેઝિન

રસ ધરાવતા (અનુભવી -બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા E-mail માં આપવો Email id-kamalamgujarat@gmail.com

વેબસાઈટ www.kamalamgujarat.com

# વીસ રાજ્યોને રૂ. ૬૮,૮૨૫ કરોડ એકત્રિત કરીને કાર્યમાં પ્રવૃત્ત કરવા મંજૂરી આપવામાં આવી

કમલમ દૈનિક,

નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગ દ્વારા આજે ૨૦ રાજ્યોને મુક્ત બજારમાંથી ધિરાણ દ્વારા રૂપિયા ૬૮,૮૨૫ કરોડની વધારાની રકમ ઉભી કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. જે રાજ્યોએ GSTના અમલીકરણના કારણે ઉભી થયેલી નાણાંની અછતને પહોંચી વળવા માટે નાણાં મંત્રાલય દ્વારા સૂચવવામાં આવેલા બે વિકલ્પોમાંથી પ્રથમ વિકલ્પ પસંદ કર્યો હતો તેવા રાજ્યોને કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદ (GSDP) ના ૦.૫૦%ના ધોરણે વધારાનું ધિરાણ લેવાની મંજૂરી આપવામાં આવી છે. ૨૭ ઑગસ્ટ ૨૦૨૦ના રોજ યોજાયેલી GST પરિષદની બેઠકમાં આ બે વિકલ્પો રજૂ કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ ૨૯ ઑગસ્ટ ૨૦૨૦ના રોજ રાજ્યોને આ બાબતે જાણ કરવામાં આવી હતી.

વીસ રાજ્યોએ વિકલ્પ -૧ને પ્રાધાન્યતા આપી હતી. આ રાજ્યોમાં આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, બિહાર, ગોવા, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મણીપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ઓડિશા, સિક્કિમ, ત્રિપુરા, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ છે. આઠ



રાજ્યોએ હજુ કોઈપણ વિકલ્પ પસંદ કરવાનો બાકી છે.જે રાજ્યોએ વિકલ્પ -૧ પસંદ કર્યો છે તેમને આપવામાં આવેલી સુવિધાઓ નીચે મુજબની બાબત સામેલ છે:

a. આવકમાં થયેલા ઘટાડા જેટલી રકમનું ડેબ્ટ ઈશ્યુ દ્વારા ધિરાણ લેવા માટે નાણાં મંત્રાલયના સંકલન દ્વારા વિશેષ ધિરાણ લેવાનો અવકાશ.

b. કોવિડ મહામારીને ધ્યાનમાં રાખતા સુધારાની શરતોમાંથી મુક્તિ આપીને ભારત સરકાર દ્વારા આપવામાં આવેલી વધારાના GSDPના ૨% ધિરાણની મંજૂરીમાંથી, ૦.૫%ના અંતિમ હપતાનું ધિરાણ લેવાની મંજૂરી આપવામાં આવી છે. ખર્ચ વિભાગે ૧૭ મે ૨૦૨૦ના રોજ રાજ્યોને GSDPના ૨% સુધી વધારાનું ધિરાણ લેવાની મર્યાદા પૂરી પાડી હતી. ૨%ની આ મર્યાદાનો અંતિમ ૦.૫%નો અંતિમ હપતો ભારત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા ચાર સુધારામાંથી ઓછામાં ઓછા ત્રણ સુધારા કરવા સાથે સાંકળવામાં આવ્યો હતો. જોકે, જે રાજ્યોએ વિકલ્પ- ૧ પસંદ કર્યો હોય તેમના માટે, GSTના અમલીકરણના કારણે આવકમાં થયેલા ઘટાડાને પહોંચી વળવા માટે, GSDPના ૦.૫%નો અંતિમ હપતો મેળવવા માટે સુધારા કરવાની શરત પૂર્ણ કરવામાંથી મુક્તિ આપવામાં આવી હતી.

આમ, જે રાજ્યોએ વિકલ્પ- ૧ પસંદ કર્યો છે, તેઓ મુક્ત બજારમાંથી ધિરાણ મારફતે રૂ. ૬૮,૮૨૫ કરોડની રકમ ઉભી કરવા માટે યોગ્યતા ધરાવે છે. વિશેષ ધિરાણ અવકાશ માટેના પગલાં અલગથી લેવામાં આવ્યા છે.

### રાજ્ય અનુસાર વિગતો નીચે પ્રમાણે છે

| નં. | રાજ્ય | ધિરાણ લેવાની મંજૂરી (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| ૧ | આંધ્રપ્રદેશ | ૫,૦૫૧.૦૦ |
| ૨ | અરુણાચલ પ્રદેશ | ૧૪૩.૦૦ |
| ૩ | આસામ | ૧,૮૬૯.૦૦ |
| ૪ | બિહાર | ૩,૨૩૧.૦૦ |
| ૫ | ગોવા | ૪૪૬.૦૦ |
| ૬ | ગુજરાત | ૮,૭૦૪.૦૦ |
| ૭ | હરિયાણા | ૪,૨૯૩.૦૦ |
| ૮ | હિમાચલ પ્રદેશ | ૮૭૭.૦૦ |
| ૯ | કર્ણાટક | ૯,૦૧૮.૦૦ |
| ૧૦ | મધ્યપ્રદેશ | ૪,૭૪૬.૦૦ |
| ૧૧ | મહારાષ્ટ્ર | ૧૫,૩૯૪.૦૦ |
| ૧૨ | મણીપુર | ૧૫૧.૦૦ |
| ૧૩ | મેઘાલય | ૧૯૪.૦૦ |
| ૧૪ | મિઝોરમ | ૧૩૨.૦૦ |
| ૧૫ | નાગાલેન્ડ | ૧૫૭.૦૦ |
| ૧૬ | ઓડિશા | ૨,૮૫૮.૦૦ |
| ૧૭ | સિક્કિમ | ૧૫૬.૦૦ |
| ૧૮ | ત્રિપુરા | ૨૯૭.૦૦ |
| ૧૯ | ઉત્તરપ્રદેશ | ૯,૭૦૩.૦૦ |
| ૨૦ | ઉત્તરાખંડ | ૧,૪૦૫.૦૦ |
| | કુલ | ૬૮,૮૨૫.૦૦ |

# નખત્રાણા – દયાપર ખાતે ચુંટણી પ્રચાર કાર્યાલયનું ઉદ્ઘાટન





કમલમ દૈનિક,

સવારે નલીયા ખાતે વિજય વિશ્વાસ સંમેલન બાદ અબડાસા બેઠકના ઉમેદવાર પ્રદ્યુમનસિંહ જાડેજાએ બપોરે ૧૨:૩૯ કલાકે વિજય મુહુર્તે નલીયા પ્રાંત અધિકારી સમક્ષ તેમનું નામાંકન પત્ર સુપરત કર્યું હતું . ત્યાર બાદ નખત્રાણા અને દયાપર ખાતે સ્થાનિક પ્રચાર અભિયાનને વેગવંતુ બનાવવાના ઉદ્દેશ્યથી વિવિધ અગ્રણીઓની ઉપસ્થિતીમાં તેમના ચુંટણી પ્રચાર કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું .

આ પ્રસંગે બન્ને તાલુકા મથકોએ વિવિધ સમાજના અગ્રણીઓ તેમજ સામાજિક આગેવાનો ઉપસ્થિત રહયા હતા . સૌ પ્રથમ લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતે વથાણ ચોકમાં આજરોજ સાંજે તેમના કાર્યાલયને ખુલ્લો મુકવામાં આવ્યો હતો . ત્યાર બાદ સ્થાનિક કાર્યકરો સાથે ઉપસ્થિત અગ્રણીઓએ વિચાર વિમર્શ કરવાના ઉદ્દેશ્યથી એક મંથન બેઠક યોજી હતી જેમાં સંગઠનાત્મક કામગીરી પર વિશેષપણે ભાર મુકીને ચૂંટણીલક્ષી ત્રસ્તરીય યૂહરચના ગોઠવવામાં આવી હતી . ત્યાર બાદ નખત્રાણા ખાતે રીબીન કાપીને તાલુકા મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું . અહીં પણ ઉપસ્થિત કાર્યકરો અને પ્રજાજનોએ પ્રદ્યુમનસિંહ સહિતના તમામ અગ્રણીઓને ઉત્સાહભેર આવકાર્યા હતા અને સમગ્ર ચુંટણી પ્રક્રિયા દરમ્યાન વિરામ વિહોણી મહેનત થકી ભાજપના ઉમેદવારને પ્રચંડ સરસાઈથી વિજયી બનાવવાના એકી અવાજે કોલ આપ્યા હતા . નખત્રાણા ખાતેના કાર્યક્રમમાં લુહાર હાજી અલીમામદ અબ્દુલ્લા , કુંભાર ઈસ્માઈલ ઈબ્રાહીમ , મીસ્ત્રી સતાર સાલેમામદ , લુહાર હાસમ અબ્દુલ્લા , કુંભાર દાઉદ હાજી જુમા , કુંભાર આધમ ઓસમાણ , કુંભાર કાસમ સાલેમામદ , પીંજારા આમદ જુમા , ચાકી અજરૂદીન હાજી દાઉદ , પીંજારા શરીફ હસનની આગેવાનીમાં ૫૦ જેટલા કોંગ્રેસી વિચારધારા ધરાવતા કાર્યકર્તાઓ ભારતીય જનતા પક્ષમાં જોડાયા હતા અને પક્ષની સમતોલ વિકાસ અને સમરસ નિતીને સ્વીકારી હતી . ઉપરોકત કાર્યાલય ઉદઘાટન વેળાએ ઝોન મહામંત્રી શ્રી કે.સી. પટેલ , પ્રદેશ ભાજપ મંત્રી શ્રી પ્રદિપસિંહ વાઘેલા , કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલ , સાંસદ વિનોદભાઈ ચાવડા , ધારાસભ્ય ડો . નિમાબેન આચાર્ય , માલતીબેન મહેશ્વરી , પક્ષના ઉમેદવાર પ્રદ્યુમનસિંહ જાડેજા , જિલ્લા ભાજપ મહામંત્રીઓ અનિરૂધ્ધભાઈ દવે , વલ્લમજીભાઈ હુંબલ , શૈલેન્દ્રસિંહ જાડેજા , અબડાસા વિધાનસભા પેટા ચુંટણી ઈન્ચાર્જ જયસુખભાઈ પટેલ , પ્રવિણસિંહ વાઢેર , આગેવાનો અરજણભાઈ રબારી , ભરતભાઈ શાહ સહિતના આગેવાનો , કાર્યકરો તેમજ સ્થાનિક પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડીયા સહ ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું .

# ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ડાક/ પેન્શન અદાલત

કમલમ દૈનિક, ટપાલ સેવા તથા પેન્શનને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ (મુખ્યાલય ક્ષેત્ર), "સ્પીડ પોસ્ટ ભવન", શાહીબાગ, અમદાવાદ – ૩૮૦૦૦૪ની કચેરી ખાતે તા. ૨૮-૧૦-૨૦૨૦ને બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ડાક અદાલત અને ૧૫:૦૦ કલાકે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ અદાલતમા નીતિ વિષયક મુદ્દા સિવાયની અમદાવાદ ક્ષેત્રને લગતી ટપાલ સેવાઓ અને પોસ્ટલ પેન્શનના અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે. ટપાલ સેવા સંબંધી ડાક અદાલતમાં રજુ કરવાની ફરિયાદો શ્રી વી. કે. દરજી, સહાયક નિદેશક ડાક સેવા (ફરિયાદ અને સ્થાપના), કંપ્લેઈન્ટ સેક્સન, પોસ્ટ માસ્ટર જનરલ (મુખ્યાલય ક્ષેત્ર), સ્પીડપોસ્ટ ભવન, શાહીબાગ, અમદાવાદ – ૩૮૦૦૦૪ અને પેન્શનને લગતી ફરિયાદો શ્રી ઓ. પી. મિશ્રા, લેખાધિકારી, લેખ અને પેન્શન સેક્શન, પોસ્ટ માસ્ટર જનરલ (મુખ્યાલય ક્ષેત્ર), સ્પીડપોસ્ટ ભવન, શાહીબાગ, અમદાવાદ – ૩૮૦૦૦૪ ને મોડામાં મોડી તારીખ ૨૬-૧૦-૨૦૨૦ (સોમવાર) સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલ ફરિયાદો ધ્યાનમાં લેવામાં આવશે નહિ. ફરિયાદ સ્પષ્ટ અને મુદ્દાસર હોવી જરૂરી છે. નીતિ વિષયક આધારિત મુદ્દોની સુનાવણી હાથ ઉપર લેવામાં આવશે નહિં. તદુપરાંત ફરિયાદની અરજીમાં એક કરતા વધારે મુદ્દા કે વિષયનો સમાવિષ્ટ ના હોવો જોઈએ.

આણંદ નગરમાં રૂ. ૪૨ કરોડના વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ

# સુશાસનના પ્રણેતા પૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્ન સ્વ. અટલજીનું રાષ્ટ્રભકિતસભર જીવન-કવન આજની પેઢી માટે પ્રેરણાસ્ત્રોત છે:- મુખ્યમંત્રીશ્રી

આણંદમાં પૂર્વ પ્રધાનમંત્રીશ્રી સ્વ. અટલજીની પૂર્ણ કદની પ્રતિમા-આશ્રય વિહોણા લોકો માટે આશ્રયસ્થાન-ગટરના ગંદા પાણીના શુદ્ધિકરણથી રિ-યુઝ માટેના બે એસ.ટી.પી.ના લોકાર્પણ












કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આણંદ નગરમાં પૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્ન સ્વ. અટલબિહારી બાજપેયીજીની પ્રતિમાનું ગાંધીનગરથી ઈ-અનાવરણ કરતાં અટલજીના રાષ્ટ્ર સમર્પિત ભાવને આજની યુવા પેઢી માટે પ્રેરણાસ્ત્રોત ગણાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આણંદ નગરપાલિકા આયોજિત વિકાસ ઉત્સવમાં આણંદ શહેર માટે કુલ રૂ. ૪૨ કરોડના વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા કર્યા હતા. તેમણે આણંદમાં ગટરના ગંદા પાણીના શુદ્ધિકરણ માટેના બે એસ.ટી.પી. પ્લાન્ટ, આશ્રય વિનાના ગરીબોને રહેવા માટેના પંડિત દિનદયાળ ઉપાધ્યાય આશ્રય સ્થાન શેલ્ટર હોમના પણ લોકાર્પણ વિડીયો કોન્ફરન્સથી કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શ્રદ્ધેય અટલબિહારીજીએ સ્વરાજ્ય પછી દેશમાં સુરાજ્ય સુ-શાસનની નવી દિશા તેમના શાસનકાળ દરમ્યાન પ્રસ્થાપિત કરી હતી. અટલજીના વ્યાખ્યાનો-ભાષણો-કાવ્ય અને સંસદમાં વકતવ્ય રાષ્ટ્રભકિતથી તરબોળ હતા અને યુવા પેઢીનું સદાસર્વદા માર્ગદર્શન કરનારા બની રહ્યા છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

આણંદ નગરપાલિકાએ કોરોના સંક્રમણના આ કાળમાં પણ સુશાસનના પ્રણેતા સ્વ. અટલજીની પ્રતિમા અનાવરણ સહિત વિકાસ કામો-પ્રજાની સુવિધાના કામોની ગતિ અટકવા દીધી નથી તે માટે મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે એમ પણ જણાવ્યું કે, સમગ્ર રાજ્યમાં કોરોનાના સંકટ વચ્ચે પણ ૩ મહિનામાં રૂ. સાડા અગિયાર હજાર કરોડના વિકાસ કામો આ સરકારે કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ આણંદ નગરમાં ગટરના ગંદા પાણીને શુદ્ધ કરી તેના પૂનઃ વપરાશ માટેના બે એસ.ટી.પી.થી આવા પાણીને ઊદ્યોગ, ખેતી અને તળાવોમાં આપીને ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાની દિશામાં ઉપયોગમાં લેવા અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના નગરો-ગામોમાં હરેક ઘરને નલ સે જલ અન્વયે પીવાનું શુદ્ધ ફિલ્ટર વોટર આપવાની કામગીરી પણ વેગવંતી બની છે અને આણંદ પણ તેમાં અગ્રેસર રહે તેવી અપેક્ષા વ્યકત કરી હતી. શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના નગરોમાં ગટર, લાઈટ, પાણી, રસ્તા જેવી પાયાની સુવિધાઓ આપી નગરોમાં ઈઝ ઓફ લિવીંગ દ્વારા માણવાલાયક–રહેવાલાયક નગરો બનાવવા આયોજનબદ્ધ કામગીરી કરવામાં આવી રહી છે તેની પણ ભૂમિકા આપી હતી. આણંદના સાંસદશ્રી સહિત નગરપાલિકા પ્રમુખ, નગર સેવા સદનના પદાધિકારીઓ અને અધિકારીઓ આ અવસરે આણંદથી જોડાયા હતા.

# આરોગ્ય વિભાગના અગ્ર સચિવશ્રી એ જિલ્લાઓમાં કોવિડ વિષયક પરિસ્થિતિની કરી સમીક્ષા।


## જિલ્લા કલેક્ટરશ્રી એ વિડિયો કોન્ફરન્સમાં વડોદરાની જાણકારી આપી




કમલમ દૈનિક, વડોદરા

રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રીમતી જયંતિ રવિ એ સોમવારે જિલ્લાના અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ યોજીને કોવિડ વિષયક હાલની પરિસ્થિતિની જિલ્લાવાર સમીક્ષા કરીને માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા કલેક્ટરશ્રીમતી શાલિની અગ્રવાલે તેમને વડોદરા જિલ્લાની જાણકારી આપી હતી. અગ્ર સચિવશ્રી એ કોવિડને અનુલક્ષીને રાજ્ય સરકારે જે વિશેષ અનુદાનો ફાળવ્યા છે તેના સક્ષમ અને સમુચિત ઉપયોગની ખાસ કાળજી લેવા અનુરોધ કર્યો હતો.તેમણે જણાવ્યું કે, રાજ્યથી લઈને જિલ્લા કક્ષા સુધી આરોગ્ય તંત્રની ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. તેને અનુલક્ષીને આ પ્રક્રિયા સમયબદ્ધ રીતે પૂરી કરવા પર તેમણે ભાર મૂક્યો હતો. શ્રીમતી શાલિની અગ્રવાલે તબીબી માનવ સંપદા ની જિલ્લા કક્ષાએ થયેલી ભરતી ની વિગતો આપી હતી.બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એ ભાગ લીધો હતો.

# પોરબંદર આર.સેટી ખાતે બ્યુટી પાર્લર મેનેજમેન્ટ તાલીમ શરૂ કરવામા આવી


કમલમ દૈનિક, પોરબંદર

એસ.બી.આઈ આર.સેટી દ્વારા આર.સેટી ખાતે વિનામૂલ્યે બ્યુટી પાર્લર મેનેજમેન્ટ તાલીમ શરૂ કરવામાં આવી છે. જેનુ ઉદ્‌ઘાટન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.ડી ધાનાણીના હસ્તે કરાયુ હતુ. ગ્રામીણ વિસ્તારની ૧૬ બહેનોને તાલીમાર્થીઓ તાલીમ પુરી પાડશે. ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી ધાનાણીએ ઉપસ્થિતિ તમામ બહેનોને મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના વિશે વિસ્તારથી જાણકારી પુરી પાડી હતી. તથા તાલીમ બાદ ૧૦ બહેનોના ગૃપમાં આ યોજનાનો બહેનો લાભ લે તેવી અપીલ કરી હતી. આ તકે એસ.બી.આઈ આર.સેટી ના નિયામક હરેશભાઈ મીસ્ત્રીએ તાલીમાર્થી બહેનોને તાલીમમાં જોડાવા બદલ શુભેચ્છા પાઠવી હતી

# "Unite2FightCorona" ના ઐક્ય સૂત્રને અનુસરીને જનઆંદોલન થકી જાગૃત્તિ આણવાનો અલૌકિક પ્રચાસ કરી રહ્યા છે પાંચ કોવિડ વિજય રથ





કમલમ દૈનિક,

આજે સાડત્રીસમાં દિવસે પાંચ કોવિડ વિજય રથ રાજ્યના દેવભૂમિ દ્વારકા, સુરત, જૂનાગઢ, છોટાઉદેપુર અરવલ્લી જિલ્લાના ગામેગામમાં ભ્રમણ કરી રહ્યા છે. 'સાવચેતીને સંગ, જીતીશું જંગ' એ નારા સાથે સતત નાગરિકોને માસ્ક બરાબર રીતે પહેરવો, સાબુથી હાથ વારંવાર ધોવા અને ૬ ફુટના સામાજિક અંતરનું પાલન કરવું એ ત્રણ મુખ્ય બાબતો તેમજ કેન્દ્ર સરકારની વિવિધ પહેલો તથા મહિલા અને બાળકોમાં પોષણના મહત્વ વિશે જાગૃત કરી રહ્યા છે. આ ઉપરાંત માનનીય પ્રધાનમંત્રીના જનઆંદોલનને કેન્દ્રમાં રાખીને જન-જન સુધી કોવિડ વિજય સાથ સાવચેતી, સલામતી અને જાગૃતિના શપથ લેવડાવી રહ્યા છે, સાથે જ સૌનું સ્વાસ્થ્ય સલામત રહે એની કાળજી પણ લઈ રહ્યા છે. રથ દ્વારા લોકોમાં નિઃશુલ્ક આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું વિતરણ પણ અવિરત ચાલુ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકા પંચાયત કચેરીથી તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ મામલતદાર શ્રીએ લીલી ઝંડી બતાવી રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. આજે રથે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના મુખ્ય બજાર, હેલ્થ ઓફિસ, દૂધેશ્વર મહાદેવ, વી. એમ. ઘેલાણી હાઈસ્કૂલ, બીએપીએસ મંદિર તેમજ ભીડભંજન મહાદેવ, ડઢાણીયા હોસ્પિટલ, વેરાડ નાકા, બાલા હનુમાન વગેરે વિસ્તારોમાં ભ્રમણ કર્યું હતું. કલાકારોએ વિવિધ કળા નિદર્શન દ્વારા લોકોને સરકારની વિવિધ પહેલ અંગે માહિતગાર કર્યા અને કોરોના સાવચેતી અંગે જાગૃત કર્યા, તેમજ લોકોને કોરોના જાગૃતિ શપથ પણ લેવડાવ્યા હતા. આ સાથે જ લોકોમાં નિઃશુલ્ક આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું વિતરણ કર્યું. સાંજે ૪ વાગે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકા ખાતે રથે રોકાણ કર્યું હતું. આજે રથે સુરત જિલ્લાના મહુવા તાલુકાથી પ્રસ્થાન કર્યું હતું. હેલ્થ અને વેલનેસ સબ સ્ટેશન, વેલણપુર ખાતે આરતીબેન એસ. પવારે રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે સુરેશભાઈ એમ. પટેલ - સુપરવાઈઝર, હિરેનભાઈ પટેલ, સરપંચ શ્રી સેજલભાઈ પટેલ, દિનેશભાઈ મિસ્ત્રી અને અન્ય સૌ ઉપસ્થિત લોકોએ કોરોના સામે લડવા અને સાવચેત રહેવા માટે પ્રતિજ્ઞા લીધી. સમગ્ર દિવસ દરમિયાન રથે વાઘેશ્વર, બામણિયા વગેરે ગામોના લોકો સુધી કોરોના જાગૃતિ અંગેનો સંદેશ પહોંચાડ્યો હતો અને શક્ય તમામ સ્થાનિકોને કોરોના જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. રથ પર સવાર કલાકારો આયુર્વેદિક સંશમની દવા અને હોમિયોપેથીક ઈમ્યુનીટી બુસ્ટર દવાઓની કીટનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું. આજે સવારે ૧૦ વાગે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ડાભોર ગામના સરપંચ મનસુખભાઈ ધારીયાએ લીલી ઝંડી આપી રથને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે ગામના આશાવર્કર બેન ઉષાબેન રાઠોડ, આશાબેન મંજુલાબેન કાઠી, આશાબેન ભાનુબેન રાઠોડ, ફિમેલ હેલ્થ વર્કર નંદિનીબેન ગોસ્વામી અને અન્ય સૌ ઉપસ્થિત લોકોએ કોરોના મહામારી સામેના જનઆંદોલનને સમર્થન આપ્યું તેમજ સૌ કોઈએ કોરોના સામે લડવા અને સાવચેત રહેવા માટે પ્રતિજ્ઞા લીધી. સમગ્ર દિવસ દરમિયાન રથ પર સવાર કલાકારોએ તમામ નાગરિકો પાસે કોવિડ જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. આજે સાડત્રીસમા દિવસે રથે છાત્રોડા ગામ, સીડોકર ગામ, વિસણવેલ ગામ, ચોરવાડ ગામ તેમજ અરેણા ગામ વગેરે ગામોમાં ભ્રમણ કર્યું હતું. કોવિડ વિજય રથ ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર તેમજ જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના વિસ્તારો અને માંગરોળ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ફર્યો હતો. દિવસના અંતે સાંજે ૪ વાગે જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં રોકાણ કર્યું હતું. રથ પર સવાર કલાકારોએ સ્થાનિકોમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓનું તેમજ માસ્કનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું. આજે રથે છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રથી રથે પ્રસ્થાન કર્યું હતું. બ્લોક હેલ્થ ઓફિસર શ્રીએ રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથે સરકારી હોસ્પિટલ, એસબીઆઈ બેંક ચોકડી, જલારામ મંદિર, ખેતી વાડી બજાર વગેરે વિસ્તારોમાં ભ્રમણ કરીને કોરોના અંગે, પોષણના મહત્વ વિશે તેમજ પાંચ વર્ષ સુધીના બાળકોમાં રસીકરણના મહત્વ વિશે જાગૃતિ સંદેશ પહોંચાડ્યો હતો તેમજ સ્થાનિકોમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું. આ ઉપરાંત રથ પર સવાર કલાકારોએ સમગ્ર દિવસ દરમિયાન સ્થાનિકોને કોરોના જાગૃતિના શપથ લેવડાવ્યા હતા. આજે સાડત્રીસમા દિવસે કોવિડ વિજય રથે અરવલ્લી જિલ્લાની તલોદ તાલુકા પંચાયત કચેરી ખાતેથી માનનીય ધારાસભ્ય શ્રી ગજેન્દ્ર સિંહ પરમારે લીલી ઝંડી બતાવી રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મામલતદાર શ્રી, તાલુકા વિકાસ અધિકારી શ્રી, તાલુકા આરોગ્ય અધિકારી શ્રી, આરોગ્ય સ્ટાફ તથા અગ્રણીઓ સામાજિક અંતરનું પાલન કરી ઉપસ્થિત રહ્યા હતા. તલોદ તાલુકાની પ્રાંતિજ ચોકડી, અહમદ પુરા, ગોરા ટીમ્બા, આંજણા વગેરે ગામોના લોકો સુધી ભવાઈના માધ્યમથી કોરોના જાગૃતિ અંગેનો સંદેશ પહોંચાડ્યો હતો અને શક્ય તમામ સ્થાનિકોને કોરોના જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. રથ પર સવાર કલાકારો આયુર્વેદિક સંશમની દવા અને હોમિયોપેથીક ઈમ્યુનીટી બુસ્ટર દવાઓની કીટનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું.


# પશુપાલકો માટે રાજય સરકારનો મહત્વનો નિર્ણય

## આંતરરાષ્ટ્રીય બજારમાં દૂધના પાવડરના ભાવ ઘટતાં રાજયના પશુપાલકોની મદદ માટે દૂધ સંઘોને આ પાવડરની નિકાસ માટે સહાય અપાશે

- દૂધના પાવડરની નિકાસ માટે પ્રતિ કિલો દીઠ રૂ.૫૦ ની સહાય અપાશે
- રાજ્ય સરકાર પશુપાલકો વતી રૂ. ૧૫૦ કરોડનું ભારણ ઉપાડશે
- દૂધ સંઘોએ રોકાણ નહી કરવું પડે જેનો સીધો લાભ પશુપાલકોને થશે

કમલમ દૈનિક,

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, રાજ્યના ખેડૂતો-પશુપાલકોના હિતને વરેલી રાજ્ય સરકારે રાજ્યના પશુપાલકોને મદદરૂપ થવા માટે દૂધના પાવડરની નિકાસ માટે પ્રતિ કિલો રૂ.૫૦ ની સહાય આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યુ કે, આંતરરાષ્ટ્રીય બજારમાં સ્કીમ મિલ્ક પાવડર (દૂધનો પાવડર) ના ભાવમાં મોટો ઘટાડો થયો છે. જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં દૂધના પાવડરની નિકાસ ઘટી છે રાજ્યના સહકારી દૂધ સંઘો પાસે હાલ અંદાજે રૂ. ૧૮૫૦ કરોડની કિંમતનો ૯૦,૦૦૦ મેટ્રીક ટન દૂધ પાવડરનો જથ્થાનો ભરાવો થયો છે. અને દૂધ સંઘોની મોટા પ્રમાણમાં મૂડી રોકાઈ ગઈ છે અને તેના પર વ્યાજનું ભારણ વધી રહ્યું છે. અને આનું સીધુ નુકશાન દૂધ ઉત્પાદકો એટલે કે પશુપાલકોને થાય છે. પશુપાલકો અને જિલ્લા સંઘોને થતું આ નુકશાન અટકાવવા માટે દૂધના પાવડરની નિકાસ થાય તે જરૂરી છે. તેમણે ઉમેર્યુ કે, આંતરરાષ્ટ્રીય બજારમાં આપણા દૂધના પાવડર કરતાં અન્ય દેશોના દૂધનો પાવડર સસ્તા ભાવે વેચાઈ રહ્યો છે જેથી આપણા દૂધના પાવડરની નિકાસ કરવી હોય તો નીચા ભાવે દૂધનો પાવડર વેચવો પડે અને જો દૂધ સંઘો નીચા ભાવે દૂધના પાવડરની નિકાસ કરે તો ખૂબ મોટું આર્થિક નુકશાન કરવુ પડે તેમ છે. જે દૂધ સંઘો ઉપાડી શકે તેમ નથી તેને ધ્યાને લઈ અમૂલ



ફેડરેશનના ચેરમેન શ્રી શામળભાઈ પટેલ, વાઈસ ચેરમેન શ્રી વલમજીભાઈ હુંબલ, એમ.ડી.શ્રી આર.એસ.સોઢી અને જિલ્લાના અન્ય દૂધ સંઘોના ચેરમેનશ્રીઓએ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને દૂધના પાવડરની નિકાસ માટે રાજ્ય સરકાર સહાય આપે તેવી રજુઆત કરી હતી. તેને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે કે, તા.૦૧.૧૧.૨૦૨૦થી છ મહિના સુધી અમૂલ દ્વારા જેટલા દૂધના પાવડરની નિકાસ કરવામાં આવશે તે પાવડર પર પ્રતિ કિલો ૫૦ રૂપિયા રાજ્ય સરકાર તરફથી સહાય આપવામાં આવશે અને રૂ.૧૫૦ કરોડની મર્યાદામાં રાજ્ય સરકાર આ સહાય દૂધ સંઘોને આપશે જેના કારણે લગભગ ૫૦ હજાર મેટ્રીક ટનથી વધુ દૂધના પાવડરની નિકાસ થઈ શકશે જેથી દૂધના પાવડરના સ્ટોકમાં ઘટાડો થતા દૂધની ડેરીની રકમ છૂટી થશે અને વ્યાજનું ભારણ ઘટશે અને દૂધ સંઘોની આવક વધશે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, દેશના અન્ય રાજ્યો કરતાં ગુજરાતના પશુપાલકોને દૂધના પ્રતિ લિટર ૮ થી ૧૦ રૂપિયા વધુ ભાવ મળે જ છે. પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં મંદી પ્રવર્તતા રાજ્ય સરકારની આ સમયસર મદદ મળતાં દૂધના ભાવો ઘટાડવા નહી પડે જેનો સીધો લાભ ૩૬ લાખ પશુપાલક પરિવારોને થશે. તેમણે ઉમેર્યુ કે, ગત વર્ષે પશુપાલકોને સહાયરૂપ થવા માટે આ મહત્વનો નિર્ણય કર્યો હતો. ગત વર્ષે દૂધના પાવડરના ૧ કિલોનો ભાવ રૂ. ૧૪૦ હતો જે રૂ. ૩૦૦ થઈ જતાં સમગ્ર દેશના લાખો પશુપાલકોને ફાયદો થયો હતો. અંદાજે ૧૦ લીટર દૂધમાંથી ૧ કિલો પાવડર બને છે એટલે ૯૦,૦૦૦ ટન જેટલો સ્ટોક દૂધસંઘો પાસે છે. હાલ પાવડરનો પડતર ભાવ રૂ. ૨૫૦ થી રૂ. ૨૬૦ છે અને બજાર ભાવ રૂ. ૧૬૦ થી રૂ. ૧૭૦ છે. નાયબ મુખ્યમંત્રીશ્રી પટેલે કહ્યુ કે, રાજ્યના સહકારી સંઘો પાસે ઉપલબ્ધ વધારાના સ્કીમ મિલ્ક પાવડરના જથ્થામાંથી ૫૦ હજાર મેટ્રીક ટન પાવડર પર કિલોદીઠ રૂ. ૫૦ ની સહાય ૬ માસના સમયગાળા માટે અપાશે. આ સહાય રૂ. ૧૫૦ કરોડની મર્યાદામાં આપવામાં આવશે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028